# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગત્યની જાહેરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટે તા. ૦૬/૧૦/૨૦૧૮ ના રોજ જાહેરાત ક્રમાંકઃ **૧૪૬/૨૦૧૮૧૯ થી ૧૪૯/૨૦૧૮૧૯** પ્રસિધ્ધ કરી ઓન-લાઇન અરજીપત્રકો મેળવવામાં આવેલ હતા. ઉકત અરજીપત્રકોની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને **General** કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) ને અંતે નીચે દર્શાવેલ સંવર્ગોમાં લાયક ઠરેલ ઉમેદવારોની જાહેરાતમાં વર્ણવ્યા મુજબની પ્રથમ તબક્કાની **MCQ - OMR** પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી ગાંધીનગર ખાતેના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજવાનો મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે. **અનિવાર્ય કારણોસર આ કાર્યક્રમમાં મંડળ ફેરફાર કરી શકશે.**

| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | પરીક્ષાની સંભવિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ૧૪૮/૨૦૧૮૧૯ | માઇન્સ સુપર વાઇઝર | ૩૦/૦૧/૨૦૧૯ **(MCQ- OMR પદ્ધતિ)** |
| ૨ | ૧૪૭/૨૦૧૮૧૯ | આસીસ્ટન્ટ કયુરેટર | ૩૧/૦૧/૨૦૧૯ **(MCQ- OMR પદ્ધતિ)** |

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો સમય તથા કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ તેમજ રદ થયેલ અરજીપત્રકોની વિગતો (પરીક્ષા ફી ન ભરવાના કારણસર અને એક કરતાં વધુ અરજી કરેલ હોય તેવા કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક ગ્રાહ્ય રાખીને બાકીના અરજીપત્રકો ડુપ્લીકેશનના કારણસર રદ ગણવામાં આવેલ છે તેવા અરજીપત્રકોની) પરીક્ષાની તારીખના ૧૦ દિવસ પહેલાં મંડળની વેબસાઇટ **https://gsssb.gujarat.gov.in** પર મુકવામાં આવશે. જેની સંબંધિત દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળઃ- ગાંધીનગર

તા. ૩૦/૧૨/૨૦૧૮

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર